



Shree Krishna Janmashtami
# દિવ્યક્રાંતિ

Date: 26-08-2021

Owner-Editor and Publisher : Jaydev K. Budhbhatti +91 97231 62036 • RNI Reg. No. GUJGUJ/2013/56930 • www.divyakranti.com • info@divyakranti.com • facebook.com/divyakrantinews • Price: 3:00 • 97231 62036 • 9601977755





# માંડવિયાના જાનૈયા થયેલા ગુજરાત ભાજપ માથે કોના આશીર્વાદ?


ઓન-ધ-સ્પોટ (જુઓ પાનું ૩)































# ડોક્ટર કોરોના કાળમાં અધમ કૃત્ય કરે તે ક્ષમા ને લાયક નથી

## ડોક્ટરની તમામ દલીલો ફગાવી જામીન રદ કરતી કોર્ટઃ તબીબી જગત માટે આંચકા રૂપ ચુકાદો



( કોરોના સમયના સમાચાર) ડોકટરને લોકો ઈશ્વરનું સ્વરૂપ ગણતા હોય અને કોરોના મહામારી સમયે લોકો આર્થિક રીતે બેહાલ સ્થિતિ વચ્ચે પોતાના પરિવારનું ભરણપોષણ કરી રહ્યા હોય ત્યારે ડોકટર દ્વારા આચરવામાં આવેલ અધમ કૃત્ય કદી માફ ન કરી શકાય તેમ અમદાવાદ સેશન કોર્ટ દ્વારા દોઢ કરોડની લાંચ માટે વચેટિયાની ભૂમિકા ભજવનાર અમદાવાદના જાણીતા ડોકટર નરેશ મલ્હોત્રાની રેગ્યુલર જામીન અરજી ફગાવતા જણાવ્યું હતું.

એસીબી સૂત્રોના કથન મુજબ જામીન અરજીની સુનાવણી દરમિયાન યુદ્ધ ભૂમિના સૈનિક સાથે સરખાવી ડોકટરની ભૂમિકા ખૂબ મહત્વની અને ખૂબ જ જવાબદારીવાળી હોવાનું પણ પ્રતિપાદિત કરવામાં આવેલ, અત્રે યાદ રહે કે એસી.બી.વાળા કેશવ કુમાર દ્વારા પોતાની ટીમ અને કાનૂની તજજ્ઞો મારફત એક મોટો મેસેજ સમાજમાં જાય તે માટે પ્રયત્નશીલ રહ્યા હતા

આરોપી તબીબ દ્વારા પોતે પોતાની ખાનગી હોસ્પિટલ ધરાવતા હોવાનું જણાવેલ અને પોતાને ત્યાં કોરોના દર્દી દાખલ હોવાની દલીલ કરેલ એ.સી.બી. ટીમ દ્વારા આ બધી બાબતોનો છેદ ઊડી જાય તેવા જડબેસલાક પુરાવા રજૂ કરેલ હતા

એસીબી દ્વારા લાંચની માગણી સંબંધિત તબીબ દ્વારા ૧૦ ટકા કમિશન માટે થયાની વાતચીત સાબિત કરવા ડોકટરની વાતચીત નું આખું રેકોર્ડીંગ ફોરેન્સિકમાં મોકલી એ અવાજ આરોપી ડોકટરનો જ હોવાનો સાયન્ટિક પુરાવા પણ રજૂ કરવામાં આવેલ

અમદાવાદ શહેર એસીબી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૯/૨૦૨૦ નંબર ભ્ર.નિ.અધિ.સુધારા-૨૦૧૮ ની કલમ ૭(એ) મુજબનો ગુનો તારીખઃ૪/૧૨/૨૦ના રોજ નોંધાયેલ હતો

અત્રે યાદ રહે કે અદાલતમાં હાઈ કોર્ટ દ્વારા જામીન રદ થયા બાદ આરોપી તબીબ ફરાર બન્યાની દલીલ એસીબી પીઆઈ સર્જક પટેલ દ્વારા રજૂ થયેલ સોગંદનામા રજૂ કરવામાં આવેલ

આ કામે સીઆઈએમએસ હોસ્પિટલ સોલા અમદાવાદ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થયેલ એમઓયુ મુજબ સરકાર શ્રીના રેફરન્સથી કોવિડ-૧૯ ની સારવાર કરાવવા માટે હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓની કરેલ સારવારના બિલો પાસ કરાવવા સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ માં ડેપ્યુટી મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર સમક્ષ રજૂ કરવામાં આવતા હોય છે જે બિલો પાસ કરવાના કામે ડોકટર નરેશ મલ્હોત્રા (ખાનગી વ્યક્તિ) આદિત્ય હોસ્પિટલ ભુયંગદેવ ચાર રસ્તા, સોલા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ ના ડેપ્યુટી મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર બિલની રકમ આશરે દોઢ કરોડ રૂપિયાના ૧૦ ટકાની રકમની લાંચની માગણી કરતા હોય, ફરિયાદી લાચ આપવા માંગતા ન હોય અને ડો નરેશ મલ્હોત્રા વિરુદ્ધ એસીબી રાહે કાયદેસર કાર્યવાહી કરાવવા અંગે લાંચની માગણી સંબંધે ફરિયાદીએ લાંચ રુશ્વત વિરોધી બ્યુરોમાં ફરિયાદ આપતાં નરેશ મલ્હોત્રા (ખાનગી વ્યક્તિ) વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ - ૧૯૮૮ (સુધારા - ૨૦૧૮) ની કલમ ૭(એ)મુજબ અમદાવાદ શહેર એ.સી.બી.પો. સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવેલ હતો




ખરીદી આખુ વર્ષ
બચત આખુ વર્ષ

ARIHANT SUPER MART

RR મોલ હવે નવા નામ અને નવા અંદાજ સાથે આપની સેવામાં ઉપલબ્ધ... અવશ્ય પધારો..

અરિહંત મોલ આપને આપે છે
૩૬૫ દિવસ આકર્ષક છૂટ

ARIHANT SUPER MART
+91 98250 24532
arihantsupermart2312@gmail.com
માધવ કોમ્પ્લેક્ષ, એસાર પેટ્રોલપંપની બાજુમાં, ત્રાજપર ચોકડી, મોરબી-૨.

|| હરે કૃષ્ણ ||



ISKCON

ભાવભર્યુ આમંત્રણ

શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ-૨૦૨૧

(શ્રીલ પ્રભુપાદના ૧૨૫માં જન્મદિવસ પ્રસંગે) સોમવાર, તા. ૩૦, ઓગષ્ટ, ૨૦૨૧ ના રોજ

પ્રિય ભકતજન, અમારી શુભકામનાઓ તેમજ શ્રી શ્રી રાધા શ્યામસુંદરજીના આશિર્વાદ આપ સ્વીકાર કરે. શ્રીશ્રી રાધાશ્યામસુંદર અને શ્રીલ પ્રભુપાદના અનુકંપાથી આ વર્ષે અમે જન્માષ્ટમી મહોત્સવ આપના શહેર મોરબી માં મનાવવા જઈ રહ્યા છીએ. જેમાં આપને સહ પરિવાર પધારવા સસ્નેહ આમંત્રણ પાઠવી છીએ..

આયોજક

આંતરરાષ્ટ્રીય કૃષ્ણ ભાવનામૃત સંઘ
સંસ્થાપકાચાર્યઃ કૃષ્ણમૂર્તિ શ્રી મદ્ અભય ચરણારવિંદ
ભકિતવેદાંત સ્વામી શ્રીલ પ્રભુપાદ

કાર્યક્રમ સ્થળ

**ઉમા હોલ**, રવાપર ગામના ઝાપા પાસે,
બાલકેશ્વર મંદિરની સામે, રવાપર-ધુનડા રોડ મોરબી.
(શુભેચ્છુઃ હરીહર અન્નક્ષેત્ર, મોરબી)

કાર્યક્રમની રૂપરેખા

દર્શન અને કિર્તનઃ સાંજે ૪:૦૦ થી ૧૦:૦૦ કલાકે
હરિ કથાઃ સાંજે ૫:૦૦ થી ૦૬:૦૦ કલાકે
સંધ્યા આરતીઃ સાંજે ૭:૦૦ કલાકે
અભિષેકઃ રાત્રે ૮:૦૦ થી ૧૦:૦૦ કલાકે
મહાઆરતી અને મહાઅભિષેકઃ રાત્રે ૧૦:૦૦ કલાકે
નોંધઃ મહાપ્રસાદ : સાંજે ૫:૦૦ કલાકથી શરૂ...

હરેકૃષ્ણ સત્સંગ કેન્દ્ર, મોરબી
૧૦૧, દેવ હાઈટ્સ, શ્યામ ગ્લાસવેર પાછળ,
લીલાપર-કેનાલ રોડ, મોરબી, સંપર્કઃ ૯૫૧૦૫ ૮૬૦૧૬

જોઈએ છે...

દિવ્યક્રાંતિ

અખબારનું ડોર ટુ ડોર વિતરણ કરી શકે તેવા ડીલીવરી બોય (૧૮ વર્ષ થી ૩૦ વર્ષ સુધીની ઉમરના) હોય તેવા ડીલીવરી બોય જોઈએ છે..
સંપર્ક : ૯૭૨૩૧ ૬૨૦૩૬




